ઉદય પટેલ ફરી સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ બન્યા

ઉપપ્રમુખ પદે સંજય પટેલ, સેક્રેટરીપદે મુકુંદ રામાણીનો વિજયી

મતપેટીમાંથી કોરા મતપત્રકો મળ્યાં

સુરત: આજે સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં પ્રમુખ પદે ઉદય પટેલનો રસાકસી ભર્યો વિજય થયો હતો. સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ પદે ઉદય પટેલને ચૂંટણી અધિકારી કમલનયન અસારાવાલાએ વિજય ઘોષિત કર્યા હતા. મતગણનાના રસાકસી ભર્યા માહોલ વચ્ચે ઉમેદવારોના સમર્થકો વચ્ચે ચકમક પણ જોવા મળી હતી. મતગણના દરમિયાન ઘણાં મતપત્રકો રદ કરવામાં આવ્યાં હતાં. આ અંગે મુખ્ય ચુંટણી અધિકારી અસારાવાલાના જણાવ્યાં મુજબ મતપેટીમાંથી મળેલા કોરા મતપત્રકો, દરેક ઉમેદવાર પર નિશાની કરેલાં મતપત્રકો અને છેકછાક વાળા મતપત્રકો રદ કરવામાં આવ્યાં હતાં.

સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીનું પરિણામ

પદ	વિજેતા	મળેલા મત	હારેલા ઉમેદવાર	મળેલા મત
પ્રમુખ	ઉદય પટેલ	૧૮૪૭	રમણલાલ ચહાવાલા	૧૭૫૨
ઉપપ્રમુખપદ	સંજય પટેલ	૧૪૬૨	અશ્વિન જોગડિયા	૧૪૧૩
(ઘનશ્યામ વાઘાણીને પણ મત ૧૩૨૫ મત મળ્યાં હતાં)				
મંત્રી	મુકુંદ રામાણી	૧૭૭૧	બટુકભાઈ ગોંડલિયા	૧૪૭૩
સહમંત્રી	કવન પટેલ	૧૨૮૧	અંકુર લિંબાચિયા	૧૧૬૫
ખજાનચી	દિવ્યા કોસંબિયા	૨૫૫૫	રોનિકા ચૌહાણ	૧૫૮૪
મહિલા પ્રતિનિધિ	ફેની પટેલ	૨૨૧૮	કિર્તન સાલ્વે	૧૧૨૪

૧૧ કારોબારી સભ્ય વિજયી બન્યા

જ્યારે ૧૧ કારોબારી સભ્યની ચૂંટણીમાં મતગણનાને અંતે તાનાવાલા અમર, નાવડિયા પ્રતિક , મૌર્ય રાહુલ, શાહ રાકેશકુમાર , હીરાપરા ભાવિનકુમાર , ઉમેશ પંચાલ, ઢાકેચા યતિન, પટેલ સચીન, રૂપારેલીયા જલ્પા, પટેલ નયના, ભોપાલા ખુશ્બુને વિજેતા જાહેર કરાયા હતા.

ભેસ્તાનની ત્યક્તાની અંગતપળનો વીડિયો વાયરલ

પૂર્વ પ્રેમી સામે ગુનો નોંધાયો

પૂર્વ પતિ પણ શંકાના દાયરામાં

સુરતઃભેસ્તાન વિસ્તારમાં રહેતી બે સંતાનોની માતા ત્યકતાના અંગત જીવનને નિશાન બનાવી તેના પૂર્વ પ્રેમી સાથેના ખાનગી પળોના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરાતા શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ કૃત્ય પાછળ પૂર્વ પતિનો હાથ હોવાની પ્રાથમિક આશંકા સેવાઈ રહી છે, જ્યારે ભેસ્તાન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભેસ્તાન વિસ્તારમાં રહેતી ત્યકતાએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, એક ઇન્સ્ટાગ્રામ આઈડીના ધારક દ્વારા તેના પૂર્વ પ્રેમી પંકજ પ્રભુનાથ ગીરી સાથેની અંગત પળોનો બિભત્સ વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો કરવામાં આવ્યો હતો. જે વાયરલ થતાં પીડિતાના પરિવાર, સગા-સંબંધીઓ અને સમાજમાં બદનામીનો સામનો કરવો પડ્યો હતો.પીડિતાના અગાઉ છૂટાછેડા થઈ ગયા છે અને તેને બે સંતાનો છે. ત્યારબાદ બે-ત્રણ વર્ષથી પંકજ ગીરી સાથે તેના પ્રેમ સંબંધો હતા. આ દરમિયાન બંને વચ્ચેના અંગત પળોના વીડિયો બનાવાયા હતા. આ વીડિયો વાયરલ કરવાની ઘટનામાં પીડિતાના પૂર્વ પતિની સંડોવણી હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પીડિતાનું કહેવું છે કે, તેના પૂર્વ પતિ સાથેનો સંબંધ તણાવપૂર્ણ રહ્યો છે અને અગાઉ પણ ધમકી તથા વિવાદ થયા હતા. જેના કારણે આ કૃત્ય પૂર્વ પતિ દ્વારા કરવામાં આવ્યું હોય તેવી શંકા વધુ ઘેરી બની છે.ભેસ્તાન પોલીસ સ્ટેશનના સેકન્ડ પી.આઈ. જે.એમ. સોલંકીએ જણાવ્યું હતું કે, પીડિતાની ફરિયાદના આધારે આરોપી પંકજ પ્રભુનાથ ગીરી વિરુદ્ધ બદનક્ષી અને આઈટી એક્ટ સહિતની લાગુ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સાથે જ, પીડિતાના પૂર્વ પતિને પણ શંકાના દાયરામાં રાખીને તપાસ ચાલી રહી છે.

પુણાગામમાં જ્યુસવાળાને ચપ્પુ બતાવી લૂંટી લેતા ટપોરીઓ

ટપોરીએ પહેલા મોબાઈલ લૂંટ્યો, પછી 'જેલમાં મોકલી દઈશ' કહી રૂપિયા પડાવ્યા પુણા પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ પુણા ગામ વિસ્તારમાં અસામાજિક તત્ત્વોની દાદાગીરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. આઈમાતા રોડ પર જ્યુસની લારી ચલાવી જીવનનિર્વાહ કરતા યુવકને ચપ્પુ બતાવી લૂંટવામાં આવ્યો હતો. એટલું જ નહીં, લૂંટ્યા બાદ આરોપીએ મોબાઈલના બહાને યુવકને બ્લેકમેલ કરી ફરીથી રૂપિયા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પુણા ગામ આઈમાતા રોડ વિસ્તારમાં રહેતા અને લાભુબા સર્કલ પાસે શ્રીરામ જ્યુસની લારી ચલાવતા અમન સુરેશસિંગ બ્રાહ્મણે પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તા.2 નવેમ્બર-2025ના રોજ સવારે અમન આઈમાતા રોડની પાછળ આવેલી ખાડી રોડ પરથી પોતાના ભાડાના મકાન તરફ જઈ રહ્યો હતો. દરમિયાન તેના ઘર નજીક રહેતા ટપોરી હરીશ આહિરે તેને રસ્તામાં અટકાવ્યો હતો. અચાનક ચપ્પુ બહાર કાઢી આરોપીએ "મોબાઈલ આપી દે, નહીં તો ચપ્પુ તારી સાથે વાંધો કરશે" તેવી ધમકી આપી હતી. ડરથી અમને અંદાજે રૂ.60 હજારની કિંમતનો મોબાઈલ ફોન આરોપીને સોંપી દીધો હતો. ઘટના બાદ અમન ભયભીત થઈ ગયો હોવાથી તરત પોલીસ ફરિયાદ કરી શક્યો ન હતો. પરંતુ વાત અહીંથી પૂરી ન થઈ. તા.14 નવેમ્બર-2025ના રોજ અમન પોતાના ઘરે બહેન સાથે હાજર હતો ત્યારે હરીશ આહિરે ફરી ઘરે આવી ધમકી આપી હતી. આરોપીએ કહ્યું કે, "તારો મોબાઈલ મારી પાસે છે, તેના આધારે તું લાંબા સમય સુધી જેલમાં જઈ શકે છે. જો જેલમાં ન જવું હોય તો મને રૂપિયા આપ." આ રીતે બ્લેકમેલ કરી આરોપીએ અમનના પેન્ટના ખિસ્સામાંથી બળજબરીપૂર્વક રૂ.1000 કાઢી લીધા હતા. દરમિયાન અમનની બહેને વિરોધ કરતાં આરોપીએ તેણીને પેટના ભાગે માર માર્યાની ફરિયાદમાં નોંધ છે. જતા જતા આરોપીએ ફરી ધમકી આપી હતી કે જો આ બનાવ અંગે કોઈને જાણ કરશો તો ફરી ઘરે આવી ચપ્પુ મારી દઈશ. જેથી ગભરાયેલા અમને શરૂઆતમાં ફરિયાદ નોંધાવી ન હતી. બાદ સમગ્ર ઘટનાની જાણ માતા-પિતાને કરતાં તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવવા સમજણ આપી હતી. અંતે ગતરોજ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે હરીશ આહિર સામે લૂંટ, ધમકી અને મારામારીની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

કોર્ટ સંકુલમાં અદભુત માહોલ સર્જાયો

૬૪૩૩ મતદાર પૈકી કુલ ૪૨૨૪ વકીલોએ રેકર્ડ બ્રેક મતદાન કર્યું

સુરતઃ વકીલ મંડળની ચૂંટણીમાં આજે મતદાનના દિવસે કોર્ટ સંકુલમાં અદભુત માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર કોર્ટ સંકુલમાં ઉમેદવારોના પ્રચારના બેનરો જોવા મળ્યા હતા. તેમજ સમર્થકો દ્વારા પોતાના ઉમેદવારની તરફેણમાં મતદાન કરવાના પ્લેકાર્ડ સાથે ઉભા જોવા મળેલા હતા. મતદાનની પ્રક્રિયામાં ભાગ લેવા માટે વકીલોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આજના મતદાનના દિવસે જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં નોંધાયેલા કુલ ૬૪૩૩ મતદાર પૈકી કુલ ૪૨૨૪નું રેકર્ડ બ્રેક મતદાન થયું હતું.સિનિયર વકીલોએ પણ મતદાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજે મતદાનમાં ૧૮૦૦ મહિલા મતદાર સહિત કુલ ૬૪૩૩ મતદાર પૈકી કુલ ૪૨૨૪ નું મતદાન થયું હતું. મતદાન સંપન્ન થયા બાદ થોડા સમય પછી મતપેટી ખોલવામાં આવી હતી અને મતગણના કરવામાં આવી હતી.

સુરત સિટી એડવોકેટ એસો.ના પણ નવા હોદ્દેદારની વરણી કરાઈ

સુરતઃ ધી સુરત સિટી એડવોકેટ એસો.ના નવા હોદ્દેદારો તરીકે પ્રમુખમાં નીલકંઠ વાય. બારોટ, ઉપપ્રમુખ તરીકે એડ. જશવંત એમ. પટેલ, સેક્રેટરી જનક એચ. ટાલીમા, જોઈન્ટ સેક્રેટરી કશ્યપ કે. બનાતવાલા, લેડીઝ રિપ્રેઝન્ટેટિવ તરીકે મિતલ એમ. ટેલર તેમજ ટ્રેઝરર રૂઝ બી. દેસાઈની વરણી કરાઈ હતી. ઉપરાંત કાઉન્સિલના મેમ્બર તરીકે એડ. પ્રદ્યુમનસિંહ જે. પરમાર, એડ. હેમલતાબેન એમ. પટેલ, એડ. અનિલભાઈ ટી. નાયક, એડ. કિર્તીભાઈ એસ. બનાતવાલા, એડ. મનિષભાઈ જે. ગાંધી, એડ. અજયભાઈ એ. મહેતા, એડ. વિપુલભાઈ ડી. જાગીરદાર, એડ. ભદ્રાબેન ડી. જોષી, એડ. મનોજભાઈ ટી. પટેલ અને એડ. વિરેન્દ્રભાઈ એન. બ્રહ્મભટ્ટને પસંદ કરવામાં આવ્યા હતા.

ફોજદારી કેસની કાર્યવાહીમાં હાજર ન થતાં

NRI પતિ વિરુદ્ધ મ્યુનિ. કોર્ટે નોન-બેલેબલ વોરન્ટ ઈસ્યુ કર્યો

પત્નીએ પતિ વિરુદ્ધ ત્રાસ સહિતની ફરિયાદ નોંધાવી હતી

સુરતઃ અદાલતમાં ચાલી રહેલા ફોજદારી કેસની જરૂરી કાર્યવાહી માટે હાજર રહેવામાં નિષ્ફળ જતાં એનઆરઆઈ વિરુદ્ધ મ્યુનિસિપલ મેજિસ્ટ્રેટ જાની દ્વારા નોન-બેલેબલ વોરન્ટ ઈસ્યુ કરાયો હોવાનું જાણવા મળ્યું છે. પત્નીએ પતિ વિરુદ્ધ શારીરિક તથા માનસિક ત્રાસ, ફોજદારી ધમકીઓ વગેરે બાબતે લાગુ પડતી કાયદાની જોગવાઈઓ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પત્ની તરફે એડ્વોકેટે કિરીટ પાનવાલા અને હિરલ પાનવાલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ફરિયાદના આધારે પતિ વિરુદ્ધ ફોજદારી કેસની ટ્રાયલ હાલ મ્યુનિ મેજિસ્ટ્રેટ જાનીની કોર્ટમાં ચાલી રહી છે. ઉપરાંત પતિ દ્વારા કરવામાં આવેલી છેતરપિંડી તથા બાયગેમી સંબંધિત ગુનાઓ અંગેના મુદ્દાઓ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટ સમક્ષ વિચારાધીન છે. કેસમાં આરોપ ઘડાયા બાદ આરોપી પતિએ અદાલતને ભારત પરત ફરી ટ્રાયલનો સામનો કરવાની અને તમામ કાનૂની કાર્યવાહીનું પાલન કરવાની ખાતરી આપી હતી, તેમ છતાં ટ્રાયલ ચાલુ હોવા દરમિયાન તેઓ USA ચાલ્યા ગયાં હતાં. પરંતુ USA ખાતે તેઓની સામે એક ધાર્મિક સંસ્થાનને ધમકીભર્યા પત્ર મોકલવાના ગંભીર ગુનામાં ફેડરલ કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો સહિતની પરિસ્થિતિઓના કારણે, આરોપી ભારતની અદાલતમાં ચાલી રહેલા ફોજદારી કેસની જરૂરી કાર્યવાહી માટે હાજર રહેવામાં નિષ્ફળ રહ્યા છે. જ્યારે તેઓ કાયદેસર રીતે હાજર રહેવા બાધ્ય હતાં. તેમની સતત ગેરહાજરી અને અદાલતના આદેશોની અવગણનાને કારણે આ કેસમાં વકીલ કિરીટ પાનવાલા અને હિરલ પાનવાલાની રજૂઆતને ધ્યાને લઈ મ્યુનિસિપલ મેજિસ્ટ્રેટ દ્વારા પતિ વિરુદ્ધ નોન-બેલેબલ વોરન્ટ જાહેર કરવામાં આવ્યો છે.

ઈકો કારમાં આવી લૂંટ કરનાર 3 રત્નકલાકાર સહિત 4 ઝડપાયા

એક સાથે ઝઘડો કરી મોબાઈલ લૂંટી લીધો હતો બીજાનું અપહરણ કરી વીંટી, રૂપિયા પડાવી લીધા હતા

સુરતઃ ઈકો કારમાં આવી લૂંટ ચલાવનાર 4 ઇસમને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યા છે. પકડાયેલા આરોપીમાં નરેશભાઈ બાલુભાઈ જાદવ (ઉં.વ.25, ધંધો-હિરા મજૂરી, રહે., ડાયાપાર્ક સોસાયટી બરોડા પ્રિસ્ટેજ વરાછા, મૂળ ગીરસોમનાથ), જયદિપ મેરૂભાઈ વાળા (ઉં.વ.25, ધંધો-હિરા મજૂરી, રહે., જીવરાજભાઈ કાઠીના કારખાનામાં, નંદુડોશીની વાડી, કતારગામ, મૂળ અમરેલી), અભયસિંહ જોરૂભા મેવાડા (ઉં.વ.20, ધંધો-હિરાકામ, રહે., સંજયભાઇના મકાનમાં, ડાયાપાર્ક સોસાયટી, બરોડા પ્રિસ્ટેજ, વરાછા, મૂળ ગીરસોમનાથ) અને હાજાભાઈ પીઠાભાઈ કળોતરા (ઉં.વ.40, ધંધો પશુપાલન, રહે., લાડવીગામ તા. કામરેજ, મૂળ સોમનાથ)નો સમાવેશ છે. સીમાડાગામ ચામુંડાનગરમાં રહેતા મયૂર શૈલેષ પાનસુરીયા મિત્ર સંજય રંધોળીયા સાથે રાત્રે એક વાગ્યે તેની સાંસ્કૃતિક રેસિડેન્સીમાં ઊભો હતો ત્યારે ઈકો સ્પોર્ટ કાર (GJ-13-D-0829)માં ચાર શખ્સ આવ્યા હતા. ચારેય શખ્સે તેને ઊંચકી જવાની ધમકી આપી 10 હજારની કિંમતનો મોબાઈલ ફોન લૂંટી લીધો હતો. ત્યારબાદ ભરૂચ બસ મારફત રાત્રે દોઢ વાગ્યે સરથાણા જકાતનાકા પાસે ઉતરેલા નિતેશ ધરમશી ભડિયાદરાને કારમાં બેસાડી અપહરણ કર્યું હતું. બાદમાં હાથમાંથી બંને વીંટી ઉતારી લેવાની સાથે સ્કેનર મારફત પાંચ હજાર રૂપિયા પણ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009

પરિશિષ્ટ-IV-A[નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]

પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ હેઠળ અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના સંદર્ભમાં સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જે અહીં વર્ણવ્યા મુજબ, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જેની વિગતો નીચે આપેલ છેઃ-

ક્રમ નં.	ઋણ લેનારાઓ/સહ ઋણ લેનારાઓ/ ગેરેન્ટર/ લોન એકાઉન્ટ નંબર/શાખા	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું સરનામુ	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD RPના 10%)
1.	રોશનલાલ રામસેવક મિશ્રા/ નગીના રામસેવક મિશ્રા/ 004-00404600/સુરત	20 જુલાઇ 2023/ રૂ.7,74,083/- સાત લાખ ચુમોતેર હજાર ત્યાંશી રૂપિયા પુરા	પ્લોટ નં. 32, ઓમ સાઇ રેસિડન્સી, સાઇ શ્રદ્ધા નજીક, સ્યાદલા, ઓલપાડ સુરત ગુજરાત-395003	રૂ. 6,96,012/- છ લાખ છન્નુ હજાર બાર રૂપિયા પુરા	રૂ. 69,601/- ઓગણોસિત્તેર હજાર છસો એક રૂપિયા પુરા
2.	ધર્મેન્દ્ર મન્નુ ચૌધરી/ બબીતાદેવી ધર્મેન્દ્ર ચૌધરી/ 004-00403972/સુરત	20 માર્ચ 2025/ રૂ. 10,68,959/- દસ લાખ અડસઠ હજાર નવસો ઓગણસાઠ રૂપિયા પુરા	ફ્લેટ નં.508 પાંચમો માળ હરીદર્શન રેસિડન્સી, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે, સુરત, સુરત, ગુજરાત-394327. સીમાઓ ઉત્તર : સંલગ્ન પ્લોટ નં.8,19, દક્ષિણ સંલગ્ન બ્લોક નં. 120, પૂર્વ સંલગ્ન રોડ, પશ્ચીમ સંલગ્ન સોસાયટીનો આંતરિક રોડ	રૂ. 5,25,800/- પાંચ લાખ પચ્ચીસ હજાર આઠસો રૂપિયા પૂરા	રૂ. 52,580/- બાવન હજાર પાંચસો એંસી રૂપિયા પુરા
3.	દિલીપ દેવીદાસ ભોઇ/ સીતા દિલીપ ભોઇ/ 004-004033766/ સુરત	20 માર્ચ 2025/ રૂ. 6,78,216/- છ લાખ ઉઠોતેર હજાર બસો સોળ રૂપિયા પુરા	ફ્લેટ નં. એ-402, હરિકૃષ્ણા પેલેસ શિવમ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, કડોદરા, પલસાણા સુરત-394327. સીમાઓ ઉત્તરઃ સંલગ્ન ફ્લેટ નં. એ-401, દક્ષિણઃ સંલગ્ન ફ્લેટ નં. એ-403, પૂર્વઃ સંલગ્ન બિલ્ડીંગ, પશ્ચિમઃ સંલગ્ન ફ્લેટ નં. એ-405	રૂ. 3,59.100/- ત્રણ લાખ ઓગણસાઠ હજાર એકસો રૂપિયા પુરા	રૂ. 35,910/- પાત્રીસ હજાર નવસો દસ રૂપિયા પુરા
4.	જયંતિભાઇ જાદવભાઇ કાચા/ હેતલબેન જયંતિભાઇ કાચા/ 004-00405280/સુરત	21 માર્ચ 2025/ રૂ. 16,45,153/- સોળ લાખ પિસ્તાલીસ હજાર એકસો ત્રેપન રૂપિયા પુરા	ફ્લેટ નં. 103, પહેલો માળ, સુકુન રેસિડન્સી-2, રામનગર, સુરત બારડોલી હાઇવે પર, અંત્રોલી, પલસાણા, સુરત. સર્વે નં. આર.એસ. નં. 1-3, 5, 7, 11-15, બ્લોક નં. 1, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ-394325. ઉત્તર આંતરિક રોડ, દક્ષિણ શિવાંગી રેસીડન્સી, પૂર્વ આંતરિક રોડ, પશ્ચિમ સુકુન-1	રૂ. 6,18,150/- છ લાખ અઢાર હજાર એકસો પચાસ રૂપિયા પુરા	રૂ. 61,815/- એકસઠ હજાર આઠસો પંદર રૂપિયા પુરા
5.	કમલેશકુમાર શ્રીગોકર્ણ મિશ્રા/ તૃપ્તિ કમલેશકુમાર મિશ્રા/ 004-00405177/સુરત	21 માર્ચ 2025/ રૂ. 6,94,136/- છ લાખ ચોરાણુ હજાર એકસો છત્રીસ રૂપિયા પુરા	ફ્લેટ નં. 408 ચોથો માળ, સાઇ શ્રદ્ધા વલ્લભનગર, સુરત કડોદરા રોડ પર, બ્લ્યુ ડેલ સ્કૂલ નજીક, વરેલી સુરત ગુજરાત-394140 સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 11/06/2018ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.12845-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સંલગ્ન સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન બ્લોક નં. 185, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 205થી 208, પશ્ચિમ સોસાયટી રોડ	રૂ. 4,64,840/- ચાર લાખ ચોસઠ હજાર આઠસો ચાલીસ રૂપિયા પુરા	રૂ. 46,484/- છેતાલીસ હજાર ચારસો ચોર્યાસી રૂપિયા પુરા
6.	નવીન છગનભાઇ પટેલ/કલાબેન નવીનભાઇ પટેલ/ 004-00403418/સુરત	20 માર્ચ 2025/ રૂ. 11,32,074/- અગિયાર લાખ બત્રીસ હજાર ચુમોતેર રૂપિયા પુરા	ફ્લેટ નં. 410 ચોથો માળ., પ્લોટ નં. 17થી 22, બ્લોક નં. 183, 184, બિલ્ડીંગ નં. એ, સત્યમ રેસિડન્સી, સુરત બારડોલી હાઇવે જોળવા પલસાણા સુરત સુરત-ગુજરાત -394310 સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ - સંલગ્ન અન્ય પ્લોટ, પૂર્વ સંલગ્ન પ્લોટ નં. 17, પશ્ચિમ સંલગ્ન બિલ્ડીંગ નં. બી	રૂ. 4,95,093/- ચાર લાખ પંચાણુ હજાર ત્રાણુ રૂપિયા પુરા	રૂ. 49,509/- ઓગણપચાસ હજાર પાંચસો નવ રૂપિયા પુરા
7.	રમેશભાઇ અર્જુનભાઇ વિશ્વકર્મા/ કિરણબેન રમેશ વિશ્વકર્મા/ 004-00403780/સુરત	21 માર્ચ 2025/ રૂ. 6,52,253/- છ લાખ બાવન હજાર બસો ત્રેપન રૂપિયા પુરા	ફ્લેટ નં. એ-202, બીજો માળ, શિવ કમલ રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર જોળવા, પલસાણા, સુરત સુરત ગુજરાત 394310 નિદર્શન ઉત્તર- ફ્લેટ નં. 203, દક્ષિણ- સંલગ્ન બિલ્ડીંગ નં. બી, પૂર્વ ફ્લેટ નં. 201, પશ્ચિમ- સોસાયટી રોડ	રૂ. 6,30,975/- છ લાખ ત્રીસ હજાર નવસો પંચોતેર રૂપિયા પુરા	રૂ. 63,097/- ત્રેસઠ હજાર સત્તાણુ રૂપિયા પુરા
8.	સાહેબરાવ શંકરરાવ દેશમુખ/રવિકાંત સાહેબરાવ સાળુંકે/ 004-00402537/સુરત	20 માર્ચ 2025/ રૂ. 12,44,027/- બાર લાખ ચુમાલીસ હજાર સત્તાવીસ રૂપિયા પુરા	ફ્લેટ નં.એ-106, પહેલો માળ, સત્યમ રેસિડન્સી, વિંગ-એ, સુરત બારડોલી રોડ પર, સાહિબા મિલ સામે, જોળવા, પલસાણા, ગુજરાત 394310. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 07 ફેબ્રુઆરી 18ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં.2419-2018માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખીત સીમાઓ ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ -અન્ય પ્લોટ, પૂર્વ પ્લોટ નં. 17ની મિલકત, પશ્ચિમ બિલ્ડીંગ નં.બી	રૂ. 3,66,900/- ત્રણ લાખ છાંસઠ હજાર નવસો રૂપિયા પુરા	રૂ. 36,690/- છત્રીસ હજાર છસો નેવુ રૂપિયા પુરા
9.	સુરેશ કારભારી ખંભાલે/આરતી સુરેશ કાંબલે/ 004-00405535/સુરત	11 ડિસેમ્બર 2024/ રૂ. 5,81,019/- પાંચ લાખ એકયાંશી હજાર ઓગણીસ રૂપિયા પુરા	ફ્લેટ નં. 403, ચોથો માળ, શ્રી નીલકંઠ પેલેસ, આર.એસ. નં. 93/1 બ્લોક નં. 121, સાઇ દર્શન રેસિડન્સી, સુરત બારડોલી રોડ પર, બગુમરા, પલસાણા, સુરત, જીઇઓ કો-ઓર્ડિનેટ્સ 21.160565, 73.006011, લેન્ડમાર્ક સાઇ દર્શન રેસિડન્સી, સુરત-બારડોલી પર, જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પીનકોડ 395305	રૂ. 4,15,800/- ચાર લાખ પંદર હજાર આઠસો રૂપિયા પુરા	રૂ. 41,580/- એકતાલીસ હજાક પાંચસો એંસી રૂપિયા પુરા
10.	કલ્લા પારસિંગ ડામોર/ વર્દુ કલ્લા ડામોર/ 004-00402873/સુરત	20 મે 2025/ રૂ. 6,87.217/- છ લાખ સત્યાંશી હજાર બસો સત્તર રૂપિયા પુરા	ફ્લેટ નં, એ 503, પાંચમો માળ, મહાલક્ષ્મી રેસિડન્સી, વિંગ-એ, યોગીદર્શન સોસાયટી, એસ.ડી જૈન સ્કુલની પાછળ, હાઇવે નં. 8. સુરત-મુંબઇ હાઇવે, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ નં. 525, બ્લોક નં. 526/પી, લેન્ડમાર્ક એસ.ડી જૈન સ્કુલની પાછળ હાઇવે નં. 08. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ 394315, નિદર્શન ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ-વિંગ-એ, પૂર્વ-સંલગ્ન સોસાયટી રોડ, પશ્ચિમ- સંલગ્ન સોસાયટી રોડ	રૂ. 5,37,468/- પાંચ લાખ સાડત્રીસ હજાર ચારસો અડસઠ રૂપિયા પુરા	રૂ. 53,746/- તેપ્પન હજાર સાતસો છેતાલીસ રૂપિયા પુરા

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજીથી વેચાણના વિગતવાર નિયમો અને શરતો ઉપરોક્ત પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ નિયત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે અને કેવાયસી સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 22 જાન્યુઆરી- 2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી પ્રાદેશિક કચેરી ખાતે ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 21-જાન્યુઆરી-2026ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને બપોરે 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 23-જાન્યુઆરી-2026 બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીકારે મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને ખુદ નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલીકાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનાર/જામીનદારોને સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી રકમ, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ ચૂકવી દે છે તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - 9737057744

તારીખઃ 20 ડિસેમ્બર, 2025
સ્થળઃ સુરત

એસડી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ